ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૮ ટકા ● સાંજે ૩૯ ટકા
ગાંધીનગર તાપમાન

...આમાં કયાં કોરોના કે ઓમિક્રોમ અટકશે ??

બાળકોને લઈ જતી સ્કૂલવાનમાં સોશિયલ ડિસ્ટન્સના નામે ધજાગરા

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં ઓમિક્રોની એન્ટ્રી થઈ ગઈ છે. કહેવાય છે કે આવો વેરિએન્ટ બાળકોમાં ઝડપથી અસર કરે છે. બાળકો માટે તે ખતરારૂપ બની શકે છે તેમ છતાં આ બાળકોની સ્કૂલવાનમાં ગીચોગીચ ઘેટા બકરાં ભરવામાં આવ્યા હોય તેવી હાલત જોવા મળી રહી છે. સ્કૂલવાનમાં એક સાથે આટલા બધા બાળકો ભરવાથી કેટલા અંશે મુશ્કેલીઓ વધી શકે છે તે આ સ્કૂલવાન શાળાઓને માહિતી હોવા છતાં તેઓ માત્ર કમાણી કરતા જોવા મળી રહ્યા છે.

નાના બાળકોના વાલીઓને જે પ્રશ્ન સતાવી રહ્યો હતો તે આ જ હતો કે સ્કૂલવાનમાં બાળકોને ગીચોગીચ બેસાડશો તો સંક્રમણનો વધુ ખતરો રહે છે જેના કારણે સ્કુલવાનમાં આવતા બાળકોના વાલીઓ પોતાના બાળકોને ઓફલાઈન સ્કુલમાં મોકલવા પરવાનગી આપતા નહોતા. પરંતુ બાળકો ઓનલાઈન માધ્યમથી શિક્ષણ લેવામાં સક્ષમ ન હોવાથી પરાણે વાલીઓએ પોતાનું મન મનાવી લીધું હતું. જયારે આ દેશ્ય જોતા જ મોટા ભાગના વાલીઓમાં રોષની લાગણી પ્રસરે તેવું લાગી રહ્યું છે.

શાળામાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને કોરોના ગાઈડલાઈનનું પાલન થાય તે મુજબનું કાર્ય કરવામાં આવી રહ્યું છે અને બીજી બાજુ આ સ્કૂલવાનવાળા કોરોના ગાઈડલાઈનના ધજાગરા ઉડાવી રહ્યા છે એ પણ નાના બાળકો જેઓ બે વર્ષ બાદ સ્કૂલમાં આવતા થયા છે. બાળકોને સ્કૂલમાં તથા ઘરે સંપૂર્ણ રીતે કોરોના ગાઈડલાઈન મુજબ રહેતા વાલીઓ દ્વારા શીખવવામાં આવે છે. પરંતુ સ્કૂલવાનવાળા પોતાની જ મનમાની ચલાવી રહ્યા હોય તેવું દેખાઈ રહ્યું છે. સ્કૂલવાનમાં સોશિયલ ડિસ્ટન્સ મુજબ જ વિદ્યાર્થીઓને બેસાડવાની પરવાનગી મળી છે જેથી તેમના ધંધામાં ખોટ આવી ગઈ છે. જો કે સ્કૂલવાન વાળાઓએ ભાડું વધારી દીધું છે તેમ છતાં તેઓ વાલીઓ સાથે અન્યાય કરી રહ્યા છે. ઓછા વિદ્યાર્થીઓને સ્કૂલવાનમાં લઈ જવાથી સ્કૂલવાનવાળાઓને પોસાતું નથી તેથી ગેરકાયદેસર તેઓ ગીચોગીચ બાળકોને સ્કૂલવાનમાં ભરી રહ્યા છે. જેમ કે કોરોના તો ગાયબ થઈ ગયો હોય તેવું દર્શાવી રહ્યા છે પરંતુ કોરોનાનો નવો વેરિએન્ટ બાળકો માટે ઘાતક બની શકે છે. જો તકેદારી નહી રાખવામાં આવે તો જવાબદાર તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં આવશે. વાલીઓએ પણ પોતાના બાળકો સ્કૂલવાનમાં જાય છે તે અંગેની સંપૂર્ણ માહિતી રાખવી જ જોઈએ. કારણ કે ઓમિક્રોન ખૂબ ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ રીતે સ્કૂલવાનમાં બાળકોને બેસાડવામાં આવશે તો શ્વાચ્છોશ્વાસમાં પણ મુશ્કેલી પડી શકે છે. નાના બાળકો માટે સ્કૂલમાં જવું પણ હવે મુશ્કેલીભર્યુ બની રહ્યું હોય તેમ લાગે છે. સ્કૂલબસમાં સોશિયલ ડિસ્ટન્સની જાળવણી થઈ શકે છે જયારે સ્કૂલવાનમાં તથા સ્કૂલરીક્ષાઓમાં કોરોના ગાઈડલાઈન મુજબ ડિસ્ટન્સ જાળવવું મુશ્કેલ છે. જેમાં સ્કૂલવાળાઓ બાળકો પ્રત્યે ગંભીરતા દાખવી રહ્યા નથી તેવું દેખાઈ રહ્યું છે.

સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા પર્યાવરણ જાગૃતિ સંદર્ભે સાયકલ રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

સેકટર-૭-એ વસાહત મંડળ દ્વારા પર્યાવરણને પ્રેમ કરો સાયકલ રેલી યોજાઈ હતી. પર્યાવરણને પ્રેમ કરો ધ્યેય આધારિત રેલીનું આયોજન પ્રોજેકટ ચેરમેન કુસુમબેન સુથારના માર્ગદર્શન હેઠળ ઈન્દ્રોડા પાર્ક સુધી કરવામાં આવ્યું હતું. જેમાં ૨૧ બાળકોએ અને ૯ કાર્યકરોએ ભાગ લીધો હતો. આ રેલીનું પ્રસ્થાન એડવોકેટ અશોકભાઈ એચ.પટેલે કરાવ્યું હતું. આ સાથે બાળકોને ઈંદ્રોડા પાર્કમાં ડાયનાસોર, પક્ષીઓ, પ્રાણીઓ, પર્યાવરણ અંગેની માહિતી પુરી પાડવામાં આવી હતી અને પર્યાવરણ બચાવો, પાણી અને પેટ્રોલ બચાવો, વૃક્ષ વાવો, પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવો, પશુ-પક્ષીને પ્રેમ કરી પર્યાવરણનું રક્ષણ કરવાની માહિતી પુરી પાડી હતી. નેચર ફર્સ્ટના અગ્રણી નારાયણભાઈ પટેલે પણ બાળકોને વિસ્તૃતમાં માહિતી આપી હતી. આ રેલીને સફળ બનાવવા મંડળના કાર્યકરો જશવંત ગાંધી, ભદ્રેશ શાહ, વિનોદ રાવલ, જગદીશભાઈ દેસાઈ, મુકેશભાઈ સુથાર, તેજસ ગાંધી, યોગેશ રાવલ, પ્રદ્યુમનસિંહ ચૌહાણ, હર્ષદભાઈ પટેલ, જયેશભાઈ પટેલ, અવનીબેન ગાંધી, દુર્ગાબેન સુથાર, સીમાબેન પટેલ વગેરેએ જહેમત ઉઠાવી બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

ગાંધીનગરમાં ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વીમીંગ ટૂર્નામેન્ટ યોજાશે

ત્રણ દિવસની ટૂર્નામેન્ટમાં કુલ ૨૯૬ સ્વીમર્સ ભાગ લેશે

ગાંધીનગર, તા.૨૦

દેશની રાજય સરકારો કેન્દ્રશાસિત પ્રદેશો અને રિજીયોનલ સ્પોર્ટસ બોર્ડની ટીમના કર્મયોગી-અધિકારીઓ માટે યોજાતી વિવિધ રમત-ગમત સ્પર્ધાઓ અંતર્ગત ઓલ ઈન્ડિયા સિવિલ સર્વિસીસ સ્વીમીંગ ટૂર્નામેન્ટ-૨૦૨૧-૨૨ ગુજરાતના યજમાન પદે ત્રણ દિવસ માટે ગાંધીનગરમાં યોજાશે.

ગુજરાતના ૨૪ તૈરાક કર્મયોગી ભાઈ-બહેનો સહિત આ સ્પર્ધામાં દેશના ૧૨ રાજ્યો, બે કેન્દ્રશાસિત પ્રદેશ અને ૬ રિજીયોનલ સ્પોર્ટસ બોર્ડના ૨૯૬ સ્વીમર્સ પોતાનું તરણ કૌશલ્ય દર્શાવશે.

રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગ-જી.એ.ડી ની કલ્યાણ શાખા દ્વારા સહ આયોજિત આ સ્પર્ધાનો પ્રારંભ મુખ્ય સચિવ પંકજકુમાર મંગળવાર તા.૨૧ ડિસેમ્બરે સવારે ૧૦-૩૦ વાગ્યે સચિવાલય જીમખાના સેક્ટર-૨૧ના સ્વીમીંગ પૂલ ખાતે કરશે. કેન્દ્ર સરકારના સેન્ટ્રલ સિવિલ સર્વિસીસ કલ્ચરલ એન્ડ સ્પોર્ટસ બોર્ડ, નવી દિલ્હીના સહયોગ માર્ગદર્શનમાં આ સ્પર્ધા મંગળવાર તા.૨૧ થી ત્રણ દિવસ માટે યોજાઇ રહી છે. આ સ્પર્ધાના પ્રારંભ અવસરે સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ એ. કે. રાકેશ તથા માર્ગ મકાન સચિવ સંદીપ વસાવા પણ ઉપસ્થિત રહેશે. આ સ્પર્ધાનું ટેકનિકલ સંચાલન ગુજરાત સ્ટેટ સ્વીમીંગ એસોશિએશન દ્વારા કરવામાં આવશે.

સમર્પણ પબ્લિક સ્કુલમાં ઈન્ટર ક્લાસ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેશન સંચાલિત સમર્પણ પબ્લિક સ્કુલ સેકટર-૨૮, ગાંધીનગર ખાતે ધો-૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ઈન્ટર ક્લાસ ટુર્નામેન્ટ નું આયોજન કરાયું હતું. જેમા કબડ્ડી, ખો-ખો અને ક્રિકેટ જેવી રમતો માં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં વિજેતા થયેલ ટીમને ટ્રોફી, મેડલ અને સર્ટિફિકેટ આપીને તેઓનો ઉત્સાહ વધારવામાં આવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં શાળાના મેનિજિંગ ડાયરેકટર મહેંદ્રસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેકટર એમ.ડી.પાંડે, સમર્પણ સ્કુલ ઓફ લો ના લો આચાર્ય ડો. પંકજ પંડ્યા, સાયન્સ કોલેજના આચાર્ય ડો. રાજી ડેનીસ, શાળાના આચાર્ય પાયલ આચાર્ય, એડમિન સ્ટાફ તથા શિક્ષકોએ હાજર રહીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

શહેર પેન્શનર્સ સમાજની સંસ્થાની કારોબારી સમિતિની ૨ ઉમીએ બેઠક

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની સંસ્થાની કારોબારી સમિતિની બેઠક ૨ ઉમીના રોજ આયોજીત છે. જે મહાકાલેશ્વર મંદિર, સેકટર-૧ ખાતે બપોરના ૩.૦૦ કલાકે યોજાશે. આ બેઠકમાં પદાધિકારીઓની ખાલી પડેલ જગ્યાઓ ભરવા માટે તથા પ્રમુખ સ્થાનેથી રજૂ થનાર મુદ્દાઓની ચર્ચા વિચારણા કરવા માટે યોજાવાની છે. જેમાં સમાજના સર્વે કારોબારી સભ્યોને સમયસર હાજર રહેવા જણાવાયું હતું.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર સોમીબેન અમરાજી,** ઉ.વ. ૫૩, આમજા
- **સ્વ. કાકરેચા ચિનુભાઈ મફતલાલ,** ઉ.વ. ૭૫, સેકટર-૩
- **સ્વ. ગજ્જર કમળાબેન પરષોત્તમદાસ,** ઉ.વ. ૮૭, અડાલજ
- **સ્વ. ચાવડા રણજીતસિંહ ચંદુજી,** ઉ.વ. ૬૫, પેથાપુર
- **સ્વ. આચાર્ય રંજનબેન રમેશચંદ્ર,** ઉ.વ. ૭૪, સેકટર-૨૧
- **સ્વ. સોલંકી રૂપાજી જામાજી,** ઉ.વ. ૬૫, આલમપુર
- **સ્વ. પટેલ નલિન જયંતિભાઈ,** ઉ.વ. ૩૬, સોનીપુર
- **સ્વ. દંતાણી મધુબેન ઈશ્વરભાઈ,** ઉ.વ. ૬૫, હાલીસા, દહેગામ
- **સ્વ. બ્રહ્મભટ્ટ રાકેશભાઈ પ્રતાપભાઈ,** ઉ.વ. ૪૨, સેકટર-૩
- **સ્વ. પટેલ લાભુબેન વિષ્ણુભાઈ,** ઉ.વ. ૮૦, સેકટર-૪

શંકરસિહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટીયુટી ઓફ ટેકનોલોજી ખાતે ન્યુટ્રીશન કુકરી પ્રોગામ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

શંકરસિહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટીયુટી ઓફ ટેકનોલોજી દ્વારા નર્સિંગના વિદ્યાર્થીઓ દ્વારા ન્યુટ્રીશન કુકરી પ્રોગામનું આયોજન તા. ૧૬ અને ૧૭ - ૨૦૨૧ ના રોજ કરવામાં આવ્યું હતુ. જેમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોએ ભાગ લીધો હતો. આ બે દિવસના પ્રોગામ દરમ્યાન ડાયાબિટીસ, અનેમિક, હાઈપ્રોટિન, હાઈફાઈબર, સોલ્ટરિસ્ટટેડ, કેલિશ્યમયુક્ત, આર્યનયુક્ત અને ગર્ભવ્યસ્થામાં લેવાતા ખોરાક વિષેની માહિતિ અને આ વાનગીએ બનાવવામાં પણ આવી હતી. દરેક વિદ્યાર્થીઓએ રસપુર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગ નિમિતે સંસ્થાના ટ્રસ્ટી ભરતસિંહ વાઘેલા તથા ડાયરેકટર પ્રો.રવિકુમાર દ્વારા પ્રોગામનું ઉદઘાટન કરવામા આવ્યું હતું. સર્વે વિદ્યાર્થીઓને ભાગ લેવા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

રવિવારે વિશ્વકર્મા સેવા સમાજનો સન્માન સમારોહ યોજાશે

ગાંધીનગરના શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા આગામી તા.૨૬મી ડિસેમ્બર રવિવારે બપોરે ૩ કલાકે શહેરના સેકટર-૧૨ ખાતેના શ્રી વિશ્વકર્મા સેવા સમાજ સુંકલ ખાતે તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં ઉપસ્થિત રહેવા સંસ્થાના તમામ સદસ્યોને વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા વિનંતી કરવામાં આવી છે તેમ પ્રમુખ બિપીનભાઈ ગજ્જર દ્વારા સમાજની અખબારી યાદીમાં જણાવાયું છે.

સરસ્વતી ઈન્સ્ટીટયુટનું ગૌરવ

ગાંધીનગર, તા.૨૦

સરસ્વતી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સીસ ગાંધીનગરની

વિદ્યાર્થીઓ મૌસમ પટેલ, ખુશી પટેલ, હની શાહ અને હર્ષ પરાજીયા એમ કુલ ૪ વિદ્યાર્થીઓ દ્વારા વર્ષ ૨૦૨૧ ની ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીની પ્રથમ વર્ષ ફાર્મ.ડી.ની પરિક્ષામાં યુનિવર્સીટી કક્ષાએ ક્રમશઃ ત્રીજું, ચોથું અને નવમું સ્થાન પ્રાપ્ત કરીને સંસ્થાનું ગૌરવ વધારેલ છે. આ ઉપલબ્ધીને સંસ્થાના સંચાલક શ્રી. કે. જી. પટેલ, પ્રિન્સીપાલ તથા સ્ટાફ દ્વારા બિરદાવીને તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

જન્મદિને વધામણી

રાજેન્દ્રસિંહ ચાવડા

હિતેન્દ્રસિંહ ગોહિલ

લીલાવતી ચિત્રસેન શાહ

હાર્દિક પરીખ
મો. ૯૮૨૪૫ ૧૦૮૦૭

રીતુ જે પટેલ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮

પ્રફુલ આર. પંચાલ

રુદ્ર હાર્દિક જોષી

ગુરૂકૃપા ફાઉન્ડેશનના ૫માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા.૨૦

જીવદયાના દરેક ક્ષેત્રમાં ગુરુકૃપા ફાઉન્ડેશન અગ્રેસર સંસ્થા છે. ગુજરાતમાં આવેલી ગૌશાળા ૭૫૦ છે જેમાં થી ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા ૪૫૦ થી વધુ ની મુલાકાત લઈ ચુક્યા છે અને દરેક ગૌશાળાની જરૂરીયાત તેમજ ઘાસચારો આપીને દરેક જીવોની રક્ષા માટે સતત પ્રયત્નશીલ રહે છે. કતલખાને જતા આ જીવોને છોડાવી લાવી તેની યોગ્ય સારવાર અને સારસંભાળ પણ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવે છે. ગુરૂકૃપા ફાઉન્ડેશનના ૪ વર્ષ પુરા થઈ પમાં વર્ષમાં પ્રવેશ નિમિત્તે વાર્ષિકોત્સવમાં દાતાઓએ સાથ સહકાર આપવાની કટિબદ્ધતા કરી હતી. અત્યારે ૩૦૦ SIP મેમ્બર છે જેમના સાથ સહકારથી દરેક જીવદયાના કામો શક્ય બને છે. જીવદયા વિશે પારસભાઈ પાધીએ ખુબ જ સુંદર રજૂઆત કરી દરેક શ્રોતાઓના દિલ જીતી લીધા હતા. જીવદયાની સાથે માનવસેવાના કામો દર શનિવારે કરી જરૂરિયાતમંદોને જમાડવામાં આવે છે આ ઉપરાંત ઘણા સેવાકાર્યો સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

શહેરના દબાણકારો સામે પણ લેન્ડ ગ્રેબીંગ કાયદો લગાવવા માંગ

ગાંધીનગર, તા.૨૦

શહેરમાં વધી રહેલા ગેરકાયદેસર દબાણોને દૂર કરવા માટે રહીશો દ્વારા માંગણી કરવામાં આવી છે. લેન્ડ ગ્રેબિંગ એકટ ૨૦૨૦ ૧૬ ડિસેમ્બરના રોજ અમલમાં આવેલ છે. જેમાં જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ માટેનો અધિનિયમ છે. આ કાયદા મુજબ ગેરકાયદેસર જમીન પચાવી પાડનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાનો જનતાને અધિકાર છે. જાહેર જનતાના હિતમાં લેન્ડ ગ્રેબીંગનો કાયદો જમીન ઉપર ગેર કાયદેસર દબાણ કરનારાઓને પણ લાગુ કરવો જોઈએ તથા શહેરના સરકારી દબાણો ત્વરીત દૂર કરવા માટે રહીશોની ગંભીર માંગણી છે ગુજરાતના કેપીટલ ગાંધીનગર સ્માર્ટ સીટીમાં જુના સેકટરોમાં સરકારી જમીન ઉપર મોટા પાયે દબાણો થયેલ છે. ઘણા સેકટરોમાં કોર્નરની સરકારી જમીન ઉપર વરંડા, ઓટલા, દિવાલો બનાવી દીધી છે. જેના કારણે રસ્તાઓ સાંકડા થઈ ગયા છે તેમજ પાર્કિંગની જગ્યાઓ ઓછી થઈ જવાથી વાહન પાર્કંગની મોટી સમસ્યાઓ ઉભી થઈ રહી છે. સેકટર-૨૧, ૨૨, ૨૩, ૨૪ના કોર્નર પર આવેલા મકાન માલિકો-રહીશોએ સરકારી જમીન ઉપર મોટા વરંડાવાળી મોટા પાયે જમીન પચાવી પાડી છે. સેકટરોમાં આવેલ સ્ટ્રીટલાઈટની ઈલેકટ્રીક પોલ ઘરના વરંડામાં કવર કરેલા જોવા મળે છે. જે ઈલેકટ્રીક શોકનો ગંભીર અકસ્માત સર્જી શકે તેમ છે અને જાહેર હીતમાં ઘણું જ ગંભીર છે. ટોરેન્ટ ઈલેકટ્રીક કંપની અ ાઅંગે કાર્યવાહી કરવાને બદલે કોઈગંભીરતા દાખવી રહ્યા નથી. ઘણાએ જાહેર સરકારી જગ્યાઓ પર પાર્કિંગ રોડ બનાવી રસ્તા પર અડચણો ઉભી કરી રસ્તાઓ સાંકડા કરી દીધા છે. તથા જૂના બીયુ પરમિશનવાળા મકાનો તોડી નાખી માર્જીનની જગ્યાઓ ઉપર ચારે બાજુ બાંધકામ કરી પ્લોટ ઉપર ૧૦૦ ટકા બાંધકામ કરેલ છે અને નિયત નિયમ મુજબની માર્જીનની જગ્યા છોડી નથી અને રિવાઈઝ બીયુ પરમીશન પણ મેળવી નથી. આવા ૧૦૦ ટકા બાંધકામના કારણે રસ્તાઓ સાંકડા થઈ ગયા છે અને આજુબાજુના રહીશોને હવા ઉજાસ અટકી ગયા છે જે રહીશોના સ્વાસ્થ્ય પર પણ ગંભીર અસર કરી રહી છે.

નાના ગરીબ પછાત વર્ગના માણસો લારી ગલ્લા, પાથરણું કે રેકડી કરી જીવન નિર્વાહ માટે કોઈને પણ અડચણરૂપ થયા સિવાય આજીવિકા સારું કંઈક કરે તો તેમને મારજૂડ કરી તેઓનું આજીવિકાનું સાધન ઝુંટવી લેવામાં આવે છે અને તેમને પોલીસ ફરિયાદની ગંભીર ચેતવણી આપવામાં આવે છે. આમ ગરીબ અને પછાત વર્ગના માણસોને સત્તાધીશો તરફથી અપાર ત્રાસ આપવામાં આવી રહ્યો છે જયારે જે મોટા પૈસાદાર અને રાજકીય સંબંધો ધરાવતા માણસો સરકારી જમીનો ઉપર ગેરકાયદેસર બાંધકામો અને સરકારી જમીનો ઉપર ગેરકાયદે દબાણ કરીને બેઠા છે તેઓને પૈસાના જોરે છાવરવામાં આવે છે. તેવું શહેરના રહીશોએ જણાવ્યું હતું. આ બાબતે સત્તાધીશો સત્વરે જાહેર જનતાના હિતમાં યોગ્ય કાર્યવાહી કરી સરકારી જમીનો ઉપરના ગેરકાયદેસરના બાંધકામ અને જમીન ઉપરના દબાણો દૂર કરવા પગલા લે તેવી ગાંધીનગરના રહીશોની ગંભીર માંગણી છે.

એસ.વી.સ્કૂલમાં સલાડ ડેકોરેશન એકિટવીટી યોજાઈ

ગાંધીનગર, તા.૨૦

એસ. વી. ઈંગ્લીશ મિડિયમ પ્રિ-સ્કૂલમાં 'સલાડ ડેકોરેશન એક્ટિવિટી' યોજાઈ હતી. જેમાં નર્સરી, જુનિયર કે. જી. અને સિનિયર કે. જી. ના બાળકોએ ટોમેટો, ગાજર, કાકડી, બીટ, મૂળા, લીલી હળદર, કોથમીર, સ્વીટ કોર્ન, કોબીજ, ડુંગળી, કેપ્સીકમ જેવા વિવિધ પ્રકારના શાકભાજી, વિવિધ ફળો અને ફણગાવેલા કઠોળનો ઉપયોગ કરીને અત્યંત સુંદર રીતે સલાડનું ડેકોરેશન કર્યું હતું. શિક્ષિકાઓએ બાળકોને આ તમામ સલાડ ખાવાથી શું લાભ થાય છે, તે સમજાવ્યું હતું. બાળકોએ પણ સલાડ બનાવવામાં કયા શાકભાજીનો ઉપયોગ કર્યો છે, તેનું વર્ણન કર્યું હતું અને દરરોજ જમવામાં સલાડ ખાવાનું પોતાના શિક્ષિકાઓને વચન આપ્યું હતું. બાળકો જંક ફૂડથી દૂર રહીને વિટામીન્સ, મિનરલ્સ અને પ્રોટીનથી ભરપૂર સલાડ ખાય, તે હેતુથી આ એક્ટિવિટી યોજવામાં આવી હતી.